મિશન વાત્સલ્ય યોજના-૨૦૨૨ની માર્ગદર્શિકા
અનુસારના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**FileNo.-** SJED/miscellaneous/e-file/17/2022/3077/CHH Section
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૪/૨૦૨૩

વંચાણમાં લીધા :

(૧)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૦/૮૭૧૮૫(૨)/છ, તા.૧૫/૦૯/૨૦૧૦

(૨)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૦/૮૭૧૮૫/ન.બા.૧૦/છ, તા.૩૦/૧૦/૨૦૧૦.

(૩)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા. ૦૮/૧૦/૨૦૧૪.

(૪)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૨૧/૧૪૨૩૫૭/છ,તા.૧૯/૦૭/૨૦૨૧.

(૫)ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નવી દિલ્હીનો તા.૦૫/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક**D.O.No. CW-II-22/6/2022-CW-II (e-99580)** તથા તે પત્ર સાથેની મિશન વાત્સલ્ય યોજનાની નવી માર્ગદર્શિકા.

(૬) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરનાપત્ર ક્રમાંક જીએસસીપીએસ/સારા/૧૨૧/ભાગ-૨/૨૦૨૨-૨૩/૩૨૨૧, તા. ૧૪/૧૧/૨૦૨૨.

//પ્રસ્તાવના//

ભારત સરકાર દ્વારા બાળકોના કલ્યાણ અને પુનવર્સન માટે "મિશન વાત્સલ્ય" યોજનાનું અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે. સદર યોજનામાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો ફાળો ૬૦:૪૦ છે. "મિશન વાત્સલ્ય" યોજના વર્ષ ૨૦૦૯-૧૦ની સંકલિત બાળ સુરક્ષા યોજના **(ICPS)**ની અદ્યતન યોજના છે. આ અંગે ભારત સરકાર સાથે એમ.ઓ.યુ કરવામાં આવેલ છે.

યોજનાના અમલ માટે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ વંચાણે લીધેલા ક્રમાંક : (૧) ના તા.૧૫/૦૯/૨૦૧૦ના ઠરાવથી સ્વતંત્ર માળખાઓની રચના કરવામાં આવેલ હતી અને આ ઠરાવના અનુસંધાને સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી અને ડીસ્ટ્રીક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટની રચના કરવામાં આવે છે.વંચાણે લીધેલ ક્રમાંક:- (૨) ના તા.૩૦/૧૦/૨૦૧૦ના ઠરાવથી રાજ્ય કક્ષાએ દત્તક ગ્રહણ તથા સંકલિત બાળ સુરક્ષા યોજના **(CPS)**માં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા માટે સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી **(SARA)** ની રચના કરવામાં આવી છે. વંચાણે લીધેલ ક્રમાંક:- (૩) ના તા.૦૮/૧૦/૨૦૧૪ના ઠરાવથી હાલમાં સંકલિત બાળ સુરક્ષા યોજના **(ICPS)** ની માર્ગદર્શિકાનુ અમલીકરણ થઇ રહ્યુ છે. વંચાણે લીધેલ ક્રમાંક:- (૪) ના તા.૧૯/૦૭/૨૦૨૧ના ઠરાવથી સંકલિત બાળ સુરક્ષા યોજના **(Child Protection Services)** હેઠળના ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓના પગારમાં વધારો કરવામા આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક:- (૫) થી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના તા.૦૫/૦૭/૨૦૨૨ના પત્રથી મિશન વાત્સલ્ય યોજનાની નવી માર્ગદર્શિકા રજુ કરવામાં આવેલ છે. આ માર્ગદર્શિકાનુ અમલીકરણ તા.૦૧/૦૪/૨૦૨૨ થી કરવાનું રહે છે. વંચાણે લીધેલ ક્રમાંક :- (૬) થી મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના તા. ૧૪/૧૧/૨૦૨૨ના પત્ર મુજબ મિશન વાત્સલ્ય યોજના અંતર્ગત થયેલ સુધારાને સ્વીકારવા અંગેના આદેશ થઇ આવવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ.

ઉક્ત દરખાસ્ત તથા મિશન વાત્સલ્ય યોજનાની સુધારેલ નવી માર્ગદર્શિકાની જોગવાઇઓને અનુસંધાને (૧) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, (૨) સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી (૩) જિલ્લા બાળ સુરક્ષા એકમ, (૪) બાળ કલ્યાણ સમિતી અને કિશોર ન્યાય બોર્ડ, (૫) બાળ સંભાળ સંસ્થાઓ, (૫) વિશિષ્ટ દત્તક સંસ્થાઓ, તથા (૭) ઓપન શેલ્ટર હોમ, સંસ્થાઓના માળખામાં થયેલ ફેરફાર અને આ સંસ્થાઓના માનવબળને મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ ચુકવવાના માસિક વેતનદરને સ્વીકારવાની બાબત વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

પુખ્ત વિચારણાને અંતે મિશન વાત્સલય યોજનાની નવી માર્ગદર્શિકાને આથી સ્વીકારવામાં આવે છે.

આ નવી માર્ગદર્શિકાના અનુસંધાને (૧) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, (૨) સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી (૩) જિલ્લા બાળ સુરક્ષા એકમ, (૪) બાળ કલ્યાણ સમિતી અને કિશોર ન્યાય બોર્ડ (૫) બાળ સંભાળ સંસ્થાઓ, (૫) વિશિષ્ટ દત્તક સંસ્થાઓ, (૭) ઓપન શેલ્ટર હોમ, આ તમામ સંસ્થાઓના માળખા તેમજ આ સંસ્થાઓના માનવબળને મિશન વાત્સલ્યની માર્ગદર્શિકા મુજબ ચુકવવાના માસિક વેતનદરને એપ્રિલ,૨૦૨૩થી સ્વીકારવાની આથી નીચે મુજબની મંજૂરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીનાં માનવબળનેચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૧) મુજબ રાખવામાં આવે છે.

(૨) સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીનાં માનવબળને ચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૨) મુજબ રાખવામાં આવે છે.

(૩) જિલ્લા બાળ સુરક્ષા એકમનાં માનવબળનેચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૩) મુજબ રાખવામાં આવે છે.

(૪) બાળ કલ્યાણ સમિતિ અને કિશોર ન્યાય બોર્ડના માળખાના માનવબળનેચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૪) મુજબ રાખવામાં આવે છે.

(૫)બાળ સંભાળ સંસ્થાનાં માળખા તેમજ આ સંસ્થાના માનવબળનેચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૫) મુજબ રાખવામાં આવે છે.

(૬) વિશિષ્ટ દત્તક સંસ્થાઓનાં માનવબળને ચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૬) મુજબ રાખવામાં આવે છે.

(૭) ઓપન શેલ્ટર હોમના માળખા તેમજ આ સંસ્થાના માનવબળનેચુકવવાના માસિક વેતનદરને એનેક્ષર-(૭) મુજબ રાખવામાં આવે છે.

સદરહુ મંજુરી નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

// શરતો//

(૧) આ અંગે મિશન વાત્સલય યોજનાની મુળ શરતો અને માર્ગદર્શિકાનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૨) ઉપરોકત જગ્યા પર નિમણુંક ૧૧ માસના કરાર આધારીત આપવાની રહેશે અને નિમણુંક પામનારને ફિક્સ પગાર આપવાનો રહેશે અને રાજ્ય સરકારના કર્મચારીઓને મળતા કોઈ પણ લાભ મળવાપાત્ર થશે નહી, તેમજ તેઓને રાજ્ય સરકારના કર્મચારી તરીકે ગણવામાં આવશે નહી અને આ અંગે સંબંધિત પાસેથી જરૂરીયાત મુજબ કરાર ખત મેળવી લેવાનો રહેશે.

(૩) ઉક્ત જોગવાઈઓનું અમલીકરણ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના તા.૦૫/૦૭/૨૦૨૨ના પત્ર તથા મળેલ મિશન વાત્સલયની નવી માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર તા.૦૧/૦૪/૨૦૨૨થી અમલીકરણ કરવાનુ રહેશે, તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધી **(On Cumulative Basic)** સંતોષકારક કામગીરીના આધારે વાર્ષિક ૩% પગારમાં વધારો કરવાનો રહેશે.

(૪) મિશન વાત્સલયની નવી માર્ગદર્શિકા અમલીકરણ થયેથી સંકલિત બાળ સુરક્ષા યોજનાની અગાઉની માર્ગદર્શિકા તા.૦૧-૦૪-૨૦૨૨થી નાબુદ ગણવાની રહેશે.

(૫) કેંદ્ર સરકારની ગ્રાંટ સમયસર મળે તે નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ સુનિશ્ચિત કરવાનું રહેશે અને ત્યારપછી જ રાજ્ય સરકારનો ફાળો આપવામાં આવશે. આ માટે પુરતી અંદાજપત્રીય જોગવાઇ કરાવવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૨૮/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)

સંયુકત સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.*
- અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (સા.ન્યા.)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સા.ન્યા અને અધિ વિ., ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રી ( મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ( મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર)
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર
- સર્વે જિલ્લા બાળ સુરક્ષા એકમ ( મારફતે: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર)
- સિલેક્ટ ફાઈલ
- * પત્ર દ્વારા